**CC NO. 201 / 2026**

**<u>આંક-૧ લગત હુકમ</u>**

(૧) આ કામના આરોપી વિરૂદ્ધ પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫(એ)(એ) હેઠળની ફરીયાદ કરવામાં આવેલ અને તે મુજબના ગુનાનું પોલીસ દ્વારા ચાર્જશીટ ફાઈલ કરવામાં આવેલ છે.

(૨) આરોપી કોર્ટમાં હાજર થતા, તેમને વિનામુલ્યે પોલીસ પેપર્સની નકલો આપેલ અને આરોપી સ્વેચ્છાએ કબુલાત આપવાનું કહેતા હોય, તેમને તે બાબતની સમજ કરી અને આરોપી સદર કબુલાત આપવાનું કહેતા હોય, તેમને તે બાબતેની સમજ આપી અને આરોપી સદર કબુલાત સ્વૈચ્છીક તથા કોઈપણ જાતના દબાણ વગર આપતા હોવાની ખાત્રી કરી સ્વીકારી. આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે.

(૩) આરોપીએ ગુના અંગેની કબુલાત પુરશીશથી જાહેર કરેલ છે કે, તેઓ ગરીબ વર્ગના છે અને તેમના પર કુટુંબની જવાબદારી છે તથા તેમને ગુનાનો પસ્તાવો છે અને તેને સુધરવાની તક મળે તે હેતુથી કબુલાત આપે છે. વધુમાં કબુલાત સ્વૈચ્છીક હોય અને તેઓ આ કૃત્ય બદલ પારાવાર પસ્તાવો કરતા હોય અને હવે પછી આવુ કૃત્ય નહીં કરવાનું કબુલાત પુરશીશથી જાહેર કરે છે.

આમ, હાલના આ કેસમાં કોર્ટ દ્વારા ગુજરાત હાઈકોર્ટ ૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯ ગુજરાત સ્ટેટ વિરૂદ્ધ નટવરસિંહ હરચંદજી ઠાકોરનો ચુકાદો ધ્યાને લઈ તથા આરોપીના સંજોગો ધ્યાને લઈ તેને સુધરવાની તક આપવી ન્યાયોચિત જણાતું હોય, જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૫ અન્વયે ધી પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫(એ)(એ) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા.૧૦૦/– (અંકે રૂપિયા એકસો પૂરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે કબ્જે લેવાયેલ પ્રોહીબીશન મુદામાલનો અપીલ સમય વિત્યેથી નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

તારીખ: ૧૧/૦૭/૨૦૨૬
દયાપર–કચ્છ.

**(હરપ્રિત સિંઘ)**
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,
દયાપર–કચ્છ.